# જિલ્લા શિક્ષણ સમિતિ - કચ્છ

## દ્વિતીય સત્રાંત કસોટી - 2025

તારીખ : 16-04-2025 | ધોરણ - 8 | કુલ ગુણ : 80
વાર : બુધવાર | વિષય - ગુજરાતી | સમય : 08-00 થી 11-00

---

**પ્રશ્ન-1 (અ) આપેલા પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો.** (5)

(1) લાલ રંગમાં વાદળી રંગ મેળવતા કયો રંગ મળે ?

(2) મધુમાલતી, દૈયડ, હજારી અને મોગરોમાંથી અલગ પડતો શબ્દ લખો.

(3) તમે સંકલ્પો ક્યારે કરો છો ?

(4) પાર્વતીબહેન ઉત્પલા જેવી સંસ્કારી વહુ મળવાનો શ્રેય કોને આપે છે ?

(5) વલ્લભભાઈ તેમના નાનાભાઈ વિઠ્ઠલભાઈને પ્રેમ કરે છે એવું તમે શાથી કહી શકો ?

**(બ) નીચે આપેલા પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો.** (4)

(1) સંતાનો કયા વેકેશનમાં બાના ઘરે આવ્યા હતાં ?

(2) મુશ્કેલી આવી પડે ત્યારે આપણે શું કરવું જોઈએ ?

(3) કવિ કોને કોને રળિયાત કરવાનું કહે છે ?

(4) અણસમજૂ માણસને સૂકાં પાંદડાં જેવો કેમ કહેવાય છે ?

**પ્રશ્ન-2 (અ) આપેલા પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.** (6)

(1) 'વધતો વિજય ઊગતી દયાને ગળી ગયો.' આપેલ વિધાન સમજાવો.

(2) નિખિલરાયને અંજનની કેવી પ્રવૃત્તિઓ ગમતી નથી ?

(3) વલ્લભભાઈને 'સરદાર'નું બિરુદ કેવી રીતે મળ્યું ?

**(બ) નીચે આપેલા પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો.** (6)

(1) સુદામાના આગમનની શ્રીકૃષ્ણ પર શી અસર થઈ ?

(2) વ્યવહારની રીત અને ક્ષત્રિયવટ વચ્ચે શો ભેદ છે ?

(3) કિન્નરી અંજનનું ધ્યાન કેવી રીતે રાખે છે ?

**પ્રશ્ન-3 નીચેમાંથી કોઈપણ ત્રણ પ્રશ્નોના જવાબ વિગતે લખો.** (9)

(1) શાળામાં વિશ્રાંતિ દરમ્યાન તમારા મિત્રને પગમાં વાગી જતાં લોહી નિકળે છે તો તમે શું કરશો ?

(2) શાળાએ આવતી વખતે રસ્તામાં હડકાયો કૂતરો શાળાની આસપાસ છે એ સમાચાર મળે છે તો તમે શું કરશો ?

(3) ઘરમાં ગેસ સિલિન્ડરમાંથી ગેસ લીક થવાની દુર્ગંધ આવી રહી છે તો તમે શું કરશો ?

(4) રસ્તે જતા તમે અકસ્માત જુઓ છો તો તમે શું કરશો ?

**પ્રશ્ન-4 તમે કરેલા કોઈએક પ્રોજેક્ટ વિશે વિસ્તારથી લખો.** (5)

**પ્રશ્ન-5 નીચે આપેલ કાવ્યપંક્તિનો વિચાર વિસ્તાર કરો. (કોઈપણ એક)** (5)

(1) વૈષ્ણવ જન તો તેને રે કહીએ જે પીડ પરાઈ જાણે રે...

(2) પોપટ કોયલ બોલે થોડાં, પણ લાગે ભલાં,
વૃથા ગુમાવે તોલ, બહુ બોલીને દેડકાં.

**પ્રશ્ન-6 કોઈપણ એક વિષય પર લેખન કરો.** (8)

(1) સરદાર વલ્લભભાઈ પટેલ

(2) દિવાળી વેકેશનનો તમારો અનુભવ

(3) કૃષ્ણ-સુદામાનું મિલન તમારા શબ્દોમાં લખો.

**પ્રશ્ન-7 તમે ગામના સરપંચની મુલાકાત લેવાના છો... તમે તેમને ક્યા ક્યા પ્રશ્નો પૂછશો ?** (6)

**પ્રશ્ન-8 નીચે આપેલા બિલના આધારે પ્રશ્નોના જવાબ આપો.** (6)

| | | | | |
|---|---|---|---|---|
| **જ્ઞાનદા પુસ્તક ભંડાર**<br>બાળવાર્તાઓનાં પુસ્તકોનો ભંડાર | | | | |
| ગ્રાહકનું નામ : શીલાબેન | | | બિલ નં. 5 | |
| ક્રમ | વિગત | નંગ | કિંમત | રકમ |
| 1. | પંચતંત્ર | 10 | 50 | 500 |
| 2. | હિતોપદેશ | 5 | 50 | 250 |
| 3. | તેનાલીરામન | 2 | 80 | 160 |
| 4. | અલીબાબા ચાલીસ ચોર | 1 | 150 | 150 |
| કુલ રકમ | | | | 1060 |
| નોંધ : 500 રૂા. થી વધુ ખરીદી પર 10% વળતર આપવામાં આવશે.<br>પ્રાપ્તિ સ્થાન<br>હમીરસર તળાવ પાસે, ભુજ-કચ્છ | | | | |

**પ્રશ્નો :**

(1) ગ્રાહકનું નામ અને બિલ નંબર જણાવો.

(2) સૌથી વધારે કિંમત કયા પુસ્તકની છે ?

(3) તમને 'પંચતંત્ર' પુસ્તક ખરીદવું હશે તો કેટલા રૂપિયા ચૂકવવા પડશે ?

(4) કેટલા રૂપિયાની ખરીદી પર 10%ની વળતર આપવામાં આવશે ?

(5) પુસ્તક લેવા માટે ક્યાં જવું પડશે ?

(6) શીલાબહેને કુલ કેટલા નંગ પુસ્તકો ખરીદ્યા ?

**પ્રશ્ન-9 સૂચના મુજબ કરો.** (10)

(1) શબ્દકોશના ક્રમમાં લખો.

ગફલત, ચરિત્ર, ઝૂમખું, પ્રગટ

(2) 'વિપત' શબ્દનો સમાનાર્થી શબ્દ લખો.

(3) રેખાંકિત શબ્દનો વિરોધી શબ્દ લખો.

<u>ઉદ્યમ</u> વિના સફળતા ન મળે.

(4) સાચી જોડણીવાળો શબ્દ શોધીને લખો.

શીરછોગું, શિરછોગું, શિરછોગૂં

(5) નીચેના વાક્યમાંથી રૂઢિપ્રયોગ શોધી એનો અર્થ લખો.

રવિનાએ રસ્તા વચ્ચે વિફરેલો કૂતરો જોયો અને એના હાંજા ગગડી ગયા.

(6) 'ધરમ' શબ્દનો તત્સમ શબ્દ આપો.

(7) 'સૂર્ય' શબ્દનો તદ્ભવ શબ્દ લખો.

(8) આપેલ શબ્દજોડમાંથી કઈ શબ્દજોડ સુસંગત નથી ?

(અ) ચીર-વસ્ત્ર (બ) ચિતા - ચિંતા

(ક) વારિ-પાણી (ડ) રવ - અવાજ

(9) શબ્દસમૂહ માટે એક શબ્દ આપો.

નવી પરણેલી સ્ત્રી

(10) અલગ પડતો શબ્દ શોધીને લખો.

શિક્ષક, વર્ગખંડ, ટપાલી પુસ્તકાલય

**પ્રશ્ન-10 સૂચના અનુસાર કરો.** (10)

(1) નીચે આપેલા સમાસને ઓળખો.

ત્રિલોક

(2) નીચેના વાક્યમાંથી સામાસિક શબ્દ શોધીને લખો.

તમે પાંચ-દસ મિનિટ મારી રાહ જોજો.

(3) આપેલા વાક્યમાંથી રવાનુકારી શબ્દ શોધીને લખો.

ટપટપ ટપટપ ટેટા પડે છે.

(4) શબ્દસમૂહ માટે એક શબ્દ આપો.

નિયંત્રણ વિનાનું

(5) નીચે આપેલું વાક્ય સાદું વાક્ય, સંયુક્ત વાક્ય કે મિશ્ર અને સંકુલ વાક્ય છે તે લખો.

આવતીકાલે રજા છે.

(6) આપેલો શબ્દ સંયોજકવાળો દ્વિરુક્ત પ્રયોગ છે કે વ્યંજનભેદવાળો દ્વિરુક્ત પ્રયોગ તે લખો.

રાતોરાત

(7) કહેવતનો અર્થ સમજાવો.

પારકી આશા સદા નિરાશા

(8) નીચે આપેલા શબ્દોમાંથી કોઈએક શબ્દની સંધિ છૂટી પાડો.

(1) ભાષાંતર (2) સત્યાગ્રહ (3) હિમાલય

(9) નીચેનામાંથી દ્વંદ્વસમાસ ઓળખો અને નીચે લીટી કરો.

આ બે ભાઈઓની જોડી રામલક્ષ્મણની જોડી લાગે છે.

(10) નીચેના વાક્યમાંથી રૂઢિપ્રયોગ શોધી તેનો અર્થ લખો.

નાની સરખી વાતમાં તેણે મિજાજ ગુમાવ્યો.

●●●●●